Ch -4

[Q - 1]. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો.

(1) આકાશમાં શું-શું સુંદર દેખાય છે ?

- આકાશમાં સૂરજ અને ચાંદો સુંદર દેખાય છે.

(2) કવિના મનમાં બધું જ સુંદર જોઈને શો વિચાર આવે છે ?

- બધું જ સુંદર જોઈને કવિના મનમાં એવો વિચાર આવે છે 'આ સુંદરતાનું સર્જન કરનાર ભગવાન કેવો સુંદર હશે ?'

(3) 'પરોઢ અને રાત સુંદર છે' આ ભાવ કાવ્યમાં કઈ પંક્તિમાં વ્યક્ત થયો છે ?

- 'પરોઢ અને રાત સુંદર છે' એવો ભાવ કાવ્યમાં આ પંકિતમાં વ્યક્ત થયો છે ઉષા સુંદર , નિશા સુંદર ........

(4) ધરતી પર શું શું સુંદર દેખાય છે ?

- ધરતી પર સરિતા અને સરોવર સવાર અને રાત્રિ: વન ઉપવન અને ગિરિવર: માછલી પંખી, સમીર તેમજ માનવ હૈયું સુંદર દેખાય છે.

[Q - 2]. નીચે આપેલા ઉદાહરણ પ્રમાણેના શબ્દજોડકા કાવ્યમાંથી શોધીને લખો.

(1) ઉદાહરણ : સૂરજ – ચાંદો

- સરિતા – સરોવર
  આભ – તારા
  ઉષા – નિશા
  હૈયું – માનવ
  વન – ઉપવન

[Q - 3]. નીચેના દરેક શબ્દ માટે કાવ્યમાં કયો શબ્દ પ્રયોજાયો છે તે લખો :

(1) સૂર્ય , જંગલ , પવન , આકાશ , પ્રભુ , કાવ્ય

- સૂર્ય – સૂરજ
- જંગલ – વન
- પવન – સમીર

- આકાશ – આભ
- પ્રભુ – વિભુ
- કાવ્ય – કવિતા

[Q - 4]. નીચેનો ભાવ દર્શાવતી પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો:

1. પરોઢ , જંગલ , બગીચો , અને પર્વત સુંદર લાગે છે, તો તેના બનાવનાર પ્રભુ કેવા સુંદર હશે!એવું મારા મનમાં થાય છે.
   - ઉષા સુંદર, નિશા સુંદર ,
     સુંદર વન, ઉપવન ગિરિવર .........
     વિભુ હશે તો કેવો સુંદર ,
     એવું થાતું મુજ મનમાં

[Q - 5]. નીચેના શબ્દો ઉચ્ચારણની ચોકસાઈ સાથે મોટેથી બોલો અને લખો :

(1) સૂરજ, સરિતા, સરોવર , નિશા , સમીર , શાંત , આશા, વિશાળ, ચંદ્ર , માછલી

- સૂરજ
  સરિતા
  સરોવર
  નિશા
  સમીર
  શાંત
  આશા
  વિશાળ
  ચંદ્ર
  માછલી

[Q - 6]. કાવ્યપંક્તિ પૂર્ણ કરો :

(1) ઉષા સુંદર ..........................................શાંત સમીર.

- ઉષા, સુંદર, નિશા સુંદર
  સુંદર વન, ઉપવન, ગિરિવર ........
  વિભુ હશે તો કેવા સુંદર ,

એવું થાતું મુજ મનમાં.
માછલી સુંદર, પંખી સુંદર,
સુંદર ધરતી, શાંત સમીર ........

[Q - 7]. નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમા લખો.

(1) નિશા, પંખી, ઉપવન, ગિરિવર , માછલી , ધરતી

- 1. ઉપવન
  2. ગિરિવર
  3. ધરતી
  4. નિશા
  5. પંખી
  6. માછલી